# // વિદ્યાધનમ્ //

અંક : ૩૫
ફેબ્રુઆરી
૨૦૨૬



પુસ્તક વિમોચન પિતાના હાથે અમૂલ્ય પળ..!!



નવોદિત
બાળવાર્તાકારો સાથે..!!

INVITED BY

દિનેશભાઇ ડી. ચૌહાણ
શ્રી રૂણી પ્રાથમિક શાળા, ધાનેરા

PUBLISHED BY:

ddchauhan06 Tr Dinesh Chauhan 97128 24892

# // વિદ્યાધનમ્ //

# અમારી પ્રેરણા

અંક : ૩૫

ફેબ્રુઆરી - ૨૦૨૬

## પ્રેરક

શ્રી જગમાલભાઈ જે. ચૌધરી
ટી. પી. ઈ. ઓ.
તા. : ધાનેરા, જિ. : બનાસકાંઠા

## માર્ગદર્શક

શ્રી વિરાભાઈ કે. ચૌધરી
બી.આર.સી.કો.ઓર્ડીનેટર,
તા. : ધાનેરા, જિ. : બનાસકાંઠા

## તંત્રી / પ્રકાશક

દિનેશભાઈ ડી. ચૌહાણ
તાલુકા શ્રેષ્ઠ શિક્ષક
શ્રી રૂણી પ્રાથમિક શાળા,
તા. : ધાનેરા, જિ. : બનાસકાંઠા

## સમીક્ષક

શ્રી ઈશ્વરભાઈ જે. ચૌધરી
આચાર્ય શ્રી, શ્રી વાલેર પગાર કેન્દ્ર

શ્રી મુકેશભાઈ વી. ચૌધરી
સી.આર.સી. વાલેર

શંકરભાઈ પી.લુહાર
ઉ શિ., શ્રી વાલેર પગાર કેન્દ્ર

શ્રી જેસુંગભાઈ ડી. ચૌધરી
આચાર્ય શ્રી, શ્રી રૂણી પ્રાથમિક શાળા

શ્રી સવાભાઈ જી. પટેલ
ઉ. શિ. શ્રી રૂણી પ્રાથમિક શાળા

શ્રી ગીરીશભાઈ એ. લેઉવા
ઉ. શિ. શ્રી રૂણી પ્રાથમિક શાળા

શ્રી વિરેન્દ્રભાઈ બી. પ્રજાપતિ
ઉ. શિ. શ્રી રૂણી પ્રાથમિક શાળા

વિદ્યાધનમ્ સર્વધનપ્રધાનમ્

## નમસ્કાર

વસંતના આગમન સાથે પ્રકૃતિ જ્યારે નવો શણગાર સજી રહી છે, ત્યારે જ્ઞાન અને સંસ્કારની સરવાણી વહેવડાવતા આપણા વિદ્યાધનમ્ ઈ-મૅગેઝિનનો ફેબ્રુઆરી અંક આપની સમક્ષ પ્રસ્તુત કરતા અમે હર્ષની લાગણી અનુભવીએ છીએ. ફેબ્રુઆરી મહિનો એટલે માતૃભાષાના ગૌરવનો, વિજ્ઞાનની જિજ્ઞાસાનો અને શિવત્વની ભક્તિનો ત્રિવેણી સંગમ.

આ અંકમાં અમે અનેક વૈવિધ્યસભર વિષયોને વણી લીધા છે. વ્યક્તિ વિશેષ શ્રેણીમાં શિક્ષણ જગતના પ્રેરણાસ્ત્રોત એવા મનુ માસ્તરની સફર રજૂ કરી છે, તો બીજી તરફ સંત શિરોમણી રવિદાસના જીવન દ્વારા શ્રમ અને સમાનતાનો સંદેશ આપવાનો પ્રયાસ કર્યો છે. મળી મને માતૃભાષા ગુજરાતી અને આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ નિમિત્તે આપણી ભાષાના અમર વારસાને વાગોળ્યો છે.

શૈક્ષણિક જાગૃતિ માટે RTE વિશે જાણવા જેવું અને વિદ્યાર્થીઓ માટે અતિ ઉપયોગી એવી આદર્શ પેપર અને પાકી બુક લખાણ માટેની સૂચનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. કળા અને કૌશલ્યના વિકાસ માટે આર્ટ એન્ડ ક્રાફ્ટ તથા ગ્રામીણ સંસ્કૃતિની ઝલક આપતા રૂડું ગામ રાજોડા વિશેના લેખ આપણને આપણી જડ સાથે જોડી રાખશે. સામાજિક જાગૃતિના ભાગરૂપે વિશ્વ કેન્સર દિવસ અને નારી શક્તિના સન્માનમાં રાષ્ટ્રીય મહિલા દિવસ વિશેની સચોટ માહિતી અહીં પીરસવામાં આવી છે.

મનોરંજનની સાથે બોધ આપતી વાર્તાઓ– પાણીની કિંમત અને માણસાઈ: પ્રાણીઓ પ્રત્યે કરુણા – સંવેદના અને પર્યાવરણના જતનનો માર્ગ ચીંધે છે. શ્રદ્ધાના પર્વ મહાશિવરાત્રી અને જીજ્ઞાસાના પર્વ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની વિગતો આ અંકને પૂર્ણતા બક્ષે છે.

અંતે, આગામી સમયમાં શરૂ થઈ રહેલી ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષાઓ માટે તમામ વિદ્યાર્થી મિત્રોને વિદ્યાધનમ્ પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છાઓ પાઠવીએ છીએ. આત્મવિશ્વાસ અને મહેનત સાથે તમે સફળતાના શિખરો સર કરો તેવી મંગલ કામના.

આશા છે કે જ્ઞાનના આ અર્ક સમાન અંક આપને ગમશે અને પ્રેરણારૂપ બનશે..!!

**તંત્રી / પ્રકાશક**

દિનેશભાઈ ડી. ચૌહાણ

તાલુકા શ્રેષ્ઠ શિક્ષક

શ્રી રૂણી પ્રાથમિક શાળા

તા. : ધાનેરા, જિ. : બનાસકાંઠા



# અનુક્રમણિકા

અંક : ૩૫ ફેબ્રુઆરી - ૨૦૨૬



| | | | |
|---|---|---|---|
| 1 | વ્યક્તિ વિશેષ | મનીષકુમાર જેઠવા | 05 |
| 2 | મળી મને માતૃભાષા ગુજરાતી | જિતેન્દ્રકુમાર ટી. પટેલ | 07 |
| 3 | સંત શિરોમણી રવિદાસ | સંકલિત | 08 |
| 4 | આર્ટ એન્ડ ક્રાફ્ટ | જલ્પાબેન એચ. ગોહિલ | 09 |
| 5 | રૂડું ગામ રાજોડા | ડૉ. દિનેશ ચૌધરી | 10 |
| 6 | RTE વિશે જાણવાજેવું | સંકલિત | 10 |
| 7 | વિશ્વ કેન્સર દિવસ | સંકલિત | 11 |
| 8 | આદર્શ પેપર, પાકી બુક અને લખાણ | ડૉ. કિશોરવાળા જૂનાગઢ | 12 |
| 9 | રાષ્ટ્રીય મહિલા દિવસ | સંકલિત | 15 |
| 10 | મહાશિવરાત્રી | નિશા બી. ઠાકર ( નિશુ ) | 16 |
| 11 | પાણીની કિંમત | જાસ્મી મોતીભાઈ ચૌધરી | 17 |
| 12 | આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ | સંકલિત | 18 |
| 13 | માણસાઈ : પ્રાણીઓ પ્રત્યે કરુણા | અંજલિ દિનેશભાઈ ચૌધરી | 19 |
| 14 | રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ | સંકલિત | 20 |

# વ્યક્તિ વિશેષ..!!



મનીષકુમાર દિલીપભાઈ જેઠવા, શ્રી ઠાકર શેરડી પ્રા શાળા તા. જામ ખંભાળિયા જિ. : દેવ ભૂમિ દ્વારકા

## શિક્ષણના મિશાલચી : શ્રી મનીષકુમાર જેઠવા (મનુ માસ્તર)

**"શિક્ષક એ નથી જે માત્ર પુસ્તક ભણાવે, શિક્ષક એ છે જે જીવન જીવતા શીખવે."**

**અનોખું વ્યક્તિત્ત્વ અને શૈક્ષણિક નિષ્ઠા :** દેવભૂમિ દ્વારકાની પવિત્ર ધરા અને જામખંભાળિયાના વતની શ્રી મનીષકુમાર જેઠવા, જેઓ આજે ગુજરાતના શિક્ષણ જગતમાં 'મનુ માસ્તર' ના લાડકા નામથી સુવિખ્યાત છે. વર્ષ ૨૦૧૭માં બોટાદ જિલ્લાના લાખણકા ગામની પ્રાથમિક શાળાથી શરૂ થયેલી તેમની શૈક્ષણિક સફર આજે હજારો શિક્ષકો માટે દીવાદાંડી સમાન બની છે. મનુ માસ્તર માને છે કે શિક્ષણ એ માત્ર પાઠ્યપુસ્તકોના પાના પલટાવવા પૂરતું મર્યાદિત નથી, પરંતુ તે બાળકના આત્માને જગાડવાની પ્રક્રિયા છે. 'ભાર વિનાનું ભણતર' એ માત્ર તેમના માટે સૂત્ર નથી, પણ જીવનશૈલી છે. તેઓ વર્ગખંડમાં માત્ર એક ગુરુ તરીકે નહીં, પરંતુ એક સખા અને મૈત્રીપૂર્ણ બાળ-કલાકાર બનીને જ્ઞાન પીરસે છે. ગીત, સંગીત અને અભિનયના અનોખા સંગમથી તેઓ શુષ્ક ગણાતા વિષયોને પણ જીવંત અને રસપ્રદ બનાવી દે છે.

**'દીવાલો બોલે છે' – શિક્ષણનો ભગીરથ જ્ઞાન યજ્ઞ :** મનુ માસ્તરના ક્રાંતિકારી વિચારોનું સૌથી શ્રેષ્ઠ ઉદાહરણ એટલે "દીવાલો બોલે છે" અભિયાન. જ્યારે બાળક શાળા સુધી ન પહોંચી શકે, ત્યારે શિક્ષણને બાળકના ઘરના આંગણા અને શેરી સુધી લઈ જવાની એક અદભૂત કલ્પના તેમણે સાકાર કરી. પોતાની રજાઓ અને અંગત સમયનો ભોગ આપીને, તેમણે ગામની શેરીઓ, ગલીઓ, જાહેર ચોક અને મંદિરોની દીવાલોને જ્ઞાનના અક્ષરો અને આકર્ષક રંગોથી શણગારી દીધી.

**શિક્ષક એક મીણબત્તી જેવો હોય છે, જે પોતે બળીને બીજાને પ્રકાશ આપે છે.**

આજે આખું ગામ એક જીવંત પાઠશાળા (ઓપન ક્લાસરૂમ) બની ગયું છે, જ્યાં ચાલતા-ફરતા બાળક જ નહીં પણ સામાન્ય ગ્રામજનો પણ કંઈક નવું શીખે છે. આ પ્રયોગે વાલીઓમાં શિક્ષણ પ્રત્યેની જે ઉદાસીનતા હતી તેને દૂર કરી એક નવી જાગૃતિ અને આશાના કિરણો ફેલાવ્યા છે.

સિદ્ધિઓ અને પ્રતિષ્ઠિત સન્માન : સેવાની સુવાસ ક્યારેય છૂપી રહેતી નથી. મનુ માસ્તરના આ નાવીન્યપૂર્ણ પ્રયોગોની સુવાસ સમગ્ર રાજ્યમાં પ્રસરી છે. પ્રખ્યાત ન્યૂઝ ચેનલો જેવી કે TV9 ગુજરાતી અને VTV દ્વારા પણ તેમના કાર્યોની વિશેષ નોંધ લઈ ડોક્યુમેન્ટરી પ્રસારિત કરવામાં આવી છે. તેમને મળેલા સન્માનોની યાદી તેમની મહેનતની સાક્ષી પૂરે છે:

* તાલુકા અને જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ ઇનોવેશન એવોર્ડ્સ.
* ગઢડા સ્વામીના પવિત્ર હસ્તે 'શ્રેષ્ઠ શિક્ષક' તરીકેનું ગૌરવશાળી બહુમાન.
* સામાજિક ક્ષેત્રના દિગ્ગજ અને પદ્મશ્રી મથુરભાઈ સવાણી દ્વારા તેમના પ્રયોગની મુક્તકંઠે પ્રશંસા અને વિશેષ પ્રશસ્તિ પત્ર.

નવી ક્ષિતિજ અને અંતિમ સંકલ્પ :

વતનમાં બદલી થયા પછી, હાલમાં તેઓ 'શ્રી ઠાકર શેરડી પ્રાથમિક શાળા' (જિ. દેવભૂમિ દ્વારકા) ખાતે જ્ઞાનની જ્યોત પ્રજ્વલિત કરી રહ્યા છે. નવી શાળામાં પણ તેમણે પોતાના નાવીન્યસભર પ્રયોગો ચાલુ રાખ્યા છે. તેમનું અંતિમ લક્ષ્ય બહુ સ્પષ્ટ અને પ્રેરણાદાયી છે– "સમાજના છેવાડાના અંતિમ બાળક સુધી ગુણવત્તાયુક્ત અને સંસ્કારી શિક્ષણ પહોંચાડવું". જ્ઞાનની આ મશાલ લઈને તેઓ અવિરત આગળ વધી રહ્યા છે, જેથી આવનારી પેઢી માત્ર ભણેલી નહીં પરંતુ ગણેલી અને સંસ્કારોથી સજ્જ બને.

"ખુદ જલીને જે બીજાને પ્રકાશ આપે છે,
એ જ સાચો શિક્ષક સમાજને આશ આપે છે."

જય બાલ ગોપાલ ! જય દ્વારકાધીશ..!!

## મળી મને માતૃભાષા ગુજરાતી

"જ્ઞાનનું ઝરણું માતૃભાષાના ફલક પર વિસ્તરે છે."

" મેં તારા નામનો ટહુકો અહીં છાતીમાં રાખ્યો છે,
ભૂંસાવા ક્યાં દિઢો કક્કો હજી પાર્ટીમાં રાખ્યો છે,
મલક કંઈ કેટલા ખૂદયા બધાની ધૂળ ચોંટી પણ,
હજીયે મારો ડબકારો મેં માતૃભાષામાં રાખ્યો છે ."

વિક્રમ સંવત 2082નુ વર્ષ ચાલી રહ્યું છે. આપણા દેશમાં હવે ફક્ત અંગ્રેજી ભાષાનું ચલણ થઈ ગયું છે. આપણી માતૃભાષા અને આપણી રાષ્ટ્રભાષા લગભગ મૃત:પાય થવાના આરે છે. આ બધું તો આપણી અંગ્રેજી ભાષા પ્રત્યેની ઘેલસાનું પરિણામ છે.

21મી ફેબ્રુઆરી એટલે 'વિશ્વ માતૃભાષા દિવસ' સૌ શિક્ષક-બાળક, અબાલ-વૃદ્ધ, ભણેલા-અભણ માણસો માટે માતૃભાષાના મહાત્મ્યનો દિવસ. યુનેસ્કો દ્વારા નવેમ્બર 1999થી વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું. ત્યારબાદ 2000ના વર્ષથી 21મી ફેબ્રુઆરીએ 'વિશ્વ માતૃભાષા દિવસ' તરીકે દર વર્ષે મનાવવામાં આવે છે. આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ અને હેતુ માત્ર આપણી માતૃભાષાનું માન અને સ્વમાન જળવાઈ રહે એટલો જ છે આ ઉપરાંત હાલ આપણે પોતે જ એવા સંજોગો ઊભા કર્યા છે જેમાં આપણી માતૃભાષાના અસ્તિત્વ સામે ભય સર્જાયો છે અને આવું કેમ થયું છે એ સહુ માટે ચિંતાનો વિષય છે.

એવું કહેવાય છે માં, માતૃભાષા અને માતૃભૂમિના જેટલાં ગુણગાન ગાઈએ, જેટલું ગૌરવ કરીએ એટલાં ઓછા પડે!!! આ ત્રણેયનો મહિમા અપરંપાર છે. આ ત્રણેયનું શરણ અને સ્મરણ જીવનની પાવન અને આનંદિત બનાવે છે....!!! માં, માતૃભાષા અને માતૃભૂમિ તો અતુલ્ય છે, અદભુત છે અને આ ત્રણેય તો વ્હાલનો દરિયો છે અને મીઠી વિરડી સમાન છે....!

આપણી માતૃભાષાની મીઠાશ તો જુઓ..... ખરા નમકને પણ મીઠું કહીએ. નામ ભલે નારંગી પણ રંગ તો મજાનો છે. પુત્રથી પણ વધુ એટલે પુત્રવધુ! ઘરે કોઈ મહેમાન આવે તો આવો પધારો કહીએ, પણ ઘરેથી જાય ત્યારે આવજો કહીએ છીએ. કક્કાની શરૂઆત 'ક' એટલે કલમથી થાય છે, 'ખ' એટલે ખડીયો, 'ગ' એટલે ગણપતિ અને 'ઘ' એટલે ઘરનો ઘ.... મતલબ કે જે વ્યક્તિ કે બાળક કલમ અને ખડિયો એટલે કે ભણે તો ગણપતિ આવે તેના ઘરે આવે!!!!! એટલું જ નહીં રિદ્ધિ સિદ્ધિ, લક્ષ્મી અને લાભ આવે આ જ્યારે આવે. આ ચારેય આવે તો ઘર મંડાઈ, અને સંસાર રચાય. આ સંસાર રચાયા પછી 'ચ' એટલે કે ચકલી. ચકલી જેવા બાળકો હોય. આપણી માતૃભાષ 'અ: એટલે કે અજ્ઞાનથી 'જ્ઞ' એટલે જ્ઞાની બનાવે છે. આપણી માતૃભાષામાં ઉચ્ચ-નિચ ના કોઈ ભેદભાવ નથી. એટલે જ તો આપણી માતૃભાષા ગુજરાતીમા કેપિટલ અને સ્મોલનો ભેદભાવ હોતો નથી. એ સર્વને માન સન્માન આપે એવી વાત થઈ કહેવાય ને!!!!

બાળકની માતા તરફથી મળેલી ભાષા એટલે માતૃભાષા. પરિવારમાં બાળક જે ભાષા બોલે તે માતૃભાષા. જે ભાષામાં બાળકે હસ્યું રડ્યું હોય,જે ભાષાનો શબ્દ બાળકને સૌપ્રથમ સાંભળ્યો હોય, કાલું ઘેલું બોલવાનો પ્રયત્ન કર્યો તે માતૃભાષ. વાંચવા છે ત્યારબાદ શબ્દ ભંડોળ વધતા તેના પર પ્રભુત્વ મેળવી તેમાં ઉચ્ચારવાનું, લાગણી અનુભવવાનું શરૂ કરે તે માતૃભાષા છે.

સ્વામી વિવેકાનંદ એકવાર એક પ્રસંગમાં હાજરી આપવા માટે વિદેશ ગયા હતા, ત્યાં સ્વાગત કરવા હાજર માણસોએ હાથ લંબાવી કહ્યું કે... 'હેલ્લો' તો સ્વામીએ જવાબમાં કહ્યું 'નમસ્તે' કહ્યું તો થોડા લોકોને લાગ્યું કે સ્વામીજીને અંગ્રેજી ન આવડતું હશે. એમ માની ત્યાં ઉપસ્થિત લોકોએ હિન્દીમાં કહ્યું. કેસે હે આપ! તો સ્વામિએ ઇંગ્લિશમાં કહ્યું આઈ એમ ફાઈન....તો લોકોએ કહ્યું કે અમે તમને અંગ્રેજીમાં પૂછ્યું તો તમે હિન્દીમાં જવાબ આપ્યો અને અમે તમને હિન્દીમાં પૂછ્યું તો તમે અંગ્રેજીમાં જવાબ આપ્યો. ત્યારે સ્વામીજીએ કહ્યું કે જ્યારે તમે તમારી માં નું સન્માન કર્યું ત્યારે મેં મારી માં નુ સન્માન કર્યું. પણ તમે જ્યારે મારી માં નું સન્માન કર્યું, તો મેં પણ તમારી માં નું સન્માન કર્યું .

આમ તો આ નાનકડી કહાની ઘણું બધું શીખવી જાય છે આપણને. આપણી માતૃભાષા જેવી હોય તેવી પરંતુ તેમને માન સન્માન મળવું જોઈએ. આપણી માતૃભાષાને પ્રેમ કરતા રહેવું એ આપણી સૌની નિષ્ઠાપૂર્વક ફરજ છે.

જીતેન્દ્રકુમાર ઠાકોરભાઈ પટેલ
શ્રી બી. એચ. પટેલ સાર્વજનિક હાઈસ્કૂલ ટાંકલ
તા.ચીખલી, જિ. નવસારી



## સંત શિરોમણી રવિદાસ : માનવતા અને સમભાવના મશાલચી

સંત રવિદાસ (જેમને ભક્ત રૈદાસ તરીકે પણ ઓળખવામાં આવે છે) એ ભારતીય મધ્યકાલીન ભક્તિ આંદોલનના એક પ્રખર સંત, કવિ અને સમાજ સુધારક હતા. તેમનો જન્મ ૧૪મી કે ૧૫મી સદીમાં વારાણસી (કાશી) પાસે થયો હતો. તેમનું જીવન સાદગી, ભક્તિ અને ઉચ્ચ વિચારોનો અદભૂત સંગમ હતું.

**૧. ભક્તિ અને કર્મનો સમન્વય :**
સંત રવિદાસજી વ્યવસાયે પગરખાં બનાવવાનું કામ કરતા હતા. તેઓ ક્યારેય પોતાના વ્યવસાયને નાનો નહોતા ગણતા. તેઓ માનતા હતા કે :
* "કર્મ એ જ પૂજા છે": કામ કરતી વખતે પણ તેમનું મન પરમાત્માના સ્મરણમાં લીન રહેતું.
* એકવાર ગંગા સ્નાન માટે જવાની વાત આવી ત્યારે તેમણે કહ્યું હતું કે જો મારું મન પવિત્ર છે, તો ગંગા પોતે મારા કઠોત (ચામડું ભીંજવવાનું પાત્ર) માં છે. આ ઘટના પરથી "મન ચંગા તો કઠૌતી મેં ગંગા" કહેવત પ્રચલિત થઈ.

**૨. સામાજિક સમાનતા અને ક્રાંતિ :**
તે સમયના સમાજમાં જાતિવાદ અને ઉંચ-નીચના ભેદભાવ ચરમસીમાએ હતા. સંત રવિદાસે પોતાની વાણી દ્વારા આ બદીઓ પર પ્રહાર કર્યો.

* તેમણે શીખવ્યું કે ઈશ્વરના દરબારમાં કોઈ ઊંચું કે નીચું નથી.
* તેમણે 'બેગમપુરા' (એવું શહેર જ્યાં કોઈ દુઃખ કે ગમ ન હોય) ની કલ્પના આપી હતી, જ્યાં દરેકને સમાન અધિકાર અને સન્માન મળે.

* તેમની પવિત્રતા અને જ્ઞાનથી પ્રભાવિત થઈને ચિત્તોડની મહારાણી મીરાબાઈ એ તેમને પોતાના આધ્યાત્મિક ગુરુ માન્યા હતા.

**૩. આધ્યાત્મિક જ્ઞાન અને સાહિત્ય :**
સંત રવિદાસના ભજનો અને પદો ખૂબ જ સરળ ભાષામાં હોવા છતાં ગહન અર્થ ધરાવે છે.
* ગુરુ ગ્રંથ સાહિબમાં સ્થાન: શીખ ધર્મના પવિત્ર ગ્રંથમાં સંત રવિદાસજીના ૪૦ પદોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે તેમની સર્વવ્યાપી સ્વીકૃતિ દર્શાવે છે.
* પ્રભુ સાથેનો અતૂટ નાતો : તેમનું એક પદ ખૂબ જ પ્રખ્યાત છે :

"પ્રભુજી તુમ ચંદન હમ પાની, જાકી અંગ-અંગ બાસ સમાની." ( હે પ્રભુ ! તમે ચંદન છો અને હું પાણી છું, જેવી રીતે ચંદન પાણીમાં ભળીને સુગંધ ફેલાવે છે, તેમ મારો આત્મા તમારામાં ભળી ગયો છે. )

**૪. આધુનિક સમયમાં પ્રસ્તુતતા**
આજે પણ જ્યારે આપણે સામાજિક સમરસતાની વાત કરીએ છીએ, ત્યારે રવિદાસજીના વિચારો માર્ગદર્શક બને છે. તેઓ માત્ર એક ધર્મના નહીં પણ સમગ્ર માનવજાતના સંત હતા. તેમણે શ્રમની પ્રતિષ્ઠા (Dignity of Labour) અને અહિંસાનો સંદેશ આપ્યો હતો.

**બાળકો માટે શીખ (બોધ):**
૧. કોઈ પણ કામ નાનું કે મોટું નથી હોતું, આપણી દાનત સાફ હોવી જોઈએ.
૨. ભક્તિ કરવા માટે સંસાર છોડવાની જરૂર નથી, પણ સંસારમાં રહીને સત્ય બોલવું અને પરોપકાર કરવો એ જ સાચી ભક્તિ છે.
૩. બધા મનુષ્યો સમાન છે, આપણે કોઈની પણ સાથે ભેદભાવ ન કરવો જોઈએ.

**સંકલિત**



## આર્ટ એન્ડ ક્રાફટ

વિદ્યાર્થી જીવનમાં ભણતરની સાથે તેનામાં સર્જનાત્મક શક્તિ વિકસે અને કલ્પનાશક્તિનો વિકાસ થાય તે જરૂરી છે. આર્ટ એન્ડ ક્રાફટ ફક્ત મનોરંજનનું સાધન નથી પરંતુ તેના થકી બાળકનો સર્વાંગી વિકાસ શક્ય બને છે.. બાળક જયારે કાતરથી કાગળ કાપે છે.. ફેવિકોલની મદદથી ચોંટાડવાનું કામ કરે છે.. રંગ પુરે છે..માટીકામ કરે છે.. આ બધી પ્રવૃતિઓની મદદથી તે માત્ર વસ્તુ નથી બનાવતો પરંતુ પોતાની બુદ્ધિ અને કૌશલ્યનો વિકાસ કરે છે.

આજના સ્પર્ધાત્મક યુગમાં વિદ્યાર્થીઓ પર ભણતરનું ઘણું દબાણ હોય છે. આર્ટ એન્ડ ક્રાફટ એક 'સ્ટ્રેસ બસ્ટર' તરીકે કામ કરે છે. તે એકાગ્રતા વધારે છે અને મનને શાંત રાખવામાં મદદ કરે છે..

શ્રી ટીટોડીયા પ્રા. શાળામાં health is wealth અંતર્ગત આર્ટ એન્ડ ક્રાફટની પ્રવૃત્તિ કરવામાં આવી.

'પહેલું સુખ તે જાતે નર્યા' અંતર્ગત આજના ફાસ્ટફૂડ ખાવાના યુગમાં બાળક પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત થાય તે હેતુસર પ્રવૃત્તિ કરવામાં આવી. સ્વસ્થ શરીરમાં જ સ્વસ્થ મન વસે છે. જો બાળક સ્વસ્થ હશે તો રેગ્યુલર શાળાએ આવી શકશે , ભણવામાં અને પ્રવૃત્તિ કરવામાં પોતાનું સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરી શકશે..


આ વિષય અંતર્ગત ધોરણ 5 થી 8 ના બાળકોએ હોંશેહોંશે અને ઉસ્તાહપૂર્વક ભાગ લીધો. તેમાં ફ્રુટ કટિંગ, સલાડ ડીશ, સ્વસ્થ જીવનશૈલી, ફળોનું ચકડોળ, હેલ્ધી ફૂડ અનહેલ્ધી ફૂડ વગેરે કૃતિઓ બનાવી.

"દરેક બાળક એક કલાકાર છે. સમસ્યા એ છે કે મોટા થયા પછી પણ તેને કલાકાર કેવી રીતે રાખવો." — પાબ્લો પિકાસો

નિષ્કર્ષ:

આમ, આર્ટ એન્ડ ક્રાફટ એ માત્ર શોખ નથી, પરંતુ શિક્ષણનો એક અભિન્ન હિસ્સો છે. તે વિદ્યાર્થીના વ્યક્તિત્વને નિખારવામાં અને તેને એક સંતુલિત માનવી બનાવવામાં મહત્વનો ભાગ ભજવે છે.










નામ -ગોહિલ જલ્પાબેન હરજીભાઈ
શાળા- શ્રી ટીટોડીયા પ્રાથમિક શાળા
તા.-મહુવા
જી.- ભાવનગર



## "રૂડું ગામ રાજોડા"

મારું રૂડું ગામ રાજોડા ગૌરવ તેની શાન,
જેનું રાજપથ જળહળે જેમ સોનાની પહેરાણ.
ગામની વચ્ચે એક ઉભા વડદાદા છે ઉભા ઉંચા,
છાયામાં બેઠા સપના હૈયા અમારા હરખાયા.
ગામને સ્પર્શી વહેતી નદી જેમ જીવનની ધાર,
શીતળતા ભરે માટીમાં મીઠો રહે વહેવાર.
નકળંગદેવનું મંદિર છે ઇતિહાસે ગૌરવ ભર્યું,
ભક્તિથી ઝૂકે માથું હૃદય ત્યાં ધબકે સતત સજ્જડયું.
ચોમાસે ચારે બાજુ પાણી ગામ લાગે ટાપુ સમાન,
પ્રકૃતિનું આ અદભુત રૂપ દ્રશ્ય કરે મનમોહન માન.
ગામના ગોંદરે શિવજી બિરાજે વિશાળ મંદિર ધામ,
ડમરુંનાદે ગુંજે આકાશ ઓમ નમઃ શિવાય નામ,
ગામની સીમાએ ગોગા મહારાજ સધી માતા મહાન,
હનુમાનજી બિરાજે ત્યાં કરે રક્ષણ કલ્યાણ.
જુના ગામમાં ઘર નહીં સૌ રહે ખેતર મઝાર,
પ્રકૃતિ સાથે જીવન ગૂંથાયું સાદું છતાંય અપાર.
આલવાડા, ખીમંત, મેવાડા,અને અનાપુરગઢની ધાર,
આ સીમાઓ વચ્ચે વસે મારો રાજોડાનો સંસાર.
સબાવડી ગામ સાથે નાતો નાનાભાઈ સમાન પ્રેમ,
ભાઈચારા અને સંસ્કારથી બંધાયું હૃદયનું હેમ.
અહીં થયા સંત મહાન એક નામ રામેશ્વરગીરી મહારાજ,
જેના વચનથી ઝળહળે આત્મા જીવન બને સહેજ અને સાજ.
રૂડા ગામના યુવાનો માં ભોમ કાજે ફોજમાં ઊભા,
દેશ પ્રેમથી ધબકે હૈયા શૂરવીર છે સૌ મજબૂત અને શોભા.
ગૌશાળા, સારું શિક્ષણ, સંસ્થા મજબૂત આધાર,
જ્ઞાનની જ્યોત પ્રગટાવે ભવિષ્ય બનાવે ઉજાસદાર.
એવું મારું રૂડું ગામ સંસ્કૃતિ અને સંસ્કાર,
રાજોડા છે મારી ઓળખ, મારુ ગૌરવ, મારો સંસાર.

ડૉ. દિનેશ ચૌધરી
(સ્કૂલ કાઉન્સેલર)
પીએમ શ્રી સ્કૂલ જવાહર નવોદય વિદ્યાલય
વીરપુર, સાબરકાંઠા



## RTE વિશે જાણવાજેવું

1. RTE-2009ની કઈ કલમ નિ:શુલ્ક અને ફરજિયાત શિક્ષણ માટે શાળાની જવાબદારીનો વ્યાપ નક્કી કરે છે ?
-: કલમ-12

2. RTE - 2009 ની કઈ કલમમાં પ્રવેશ માટે ઉંમરની સીમાઓનો નિર્દેશ કરવામાં આવ્યો છે ?
-: કલમ-14

3. RTE-2009 ની કઈ કલમ અનુસૂચિ સુધારવાની સત્તા નક્કી કરે છે ?
-: કલમ-20

4. RTE-2009 ની કઈ કલમ શાળામાં શિક્ષકોની મંજૂર થયેલ કુલ સંખ્યાના 10 ટકા કરતાં વધારે જગ્યા ખાલીન રહે તે સુનિશ્ચિત કરે છે ?
-: કલમ-26

5. RTE - 2009 પ્રમાણે કેન્દ્ર સરકાર કઈ કલમ અંતર્ગત જરૂર લાગે તો જાહેરનામું બહાર પાડીને રાષ્ટ્રીય સલાહકાર સમિતિની રચના કરી શકે તેનો નિર્દેશ કરવામાં આવ્યો છે ?
-: કલમ-33

6. RTE - 2009 ની કલમ 33 અંતર્ગત રાષ્ટ્રીય સલાહકાર સમિતિની રચનામાં વધુમાં વધુ કેટલા સભ્યો હશે ?
:15

7. RTE-2009 ની કઈ કલમ અંતર્ગત રાજય સલાહકાર સમિતિની રચના કરવામાં આવી છે ?
-: કલમ-34

8. RTE - 2009 ની કલમ-34 પ્રમાણે રાજય સલાહકાર સમિતિન સભ્યોની સંખ્યા વધુમાં વધુ કેટલી નક્કી કરવામાં આવી છે ?
-:15

9. RTE - 2009 ની કઈ કલમમાં માર્ગદર્શક સૂચનાઓ આપવાની સત્તાનો નિર્દેશ કરવામાં આવ્યો છે?
-: કલમ-35

10. RTE - 2009 ની કઈ કલમ હેઠળ શિક્ષાપાત્ર ગુનાઓમાં યોગ્ય સરકારે જહેરનામું બહારપાડી આ અંગે અધિકૃત કરેલ અધિકારીની પૂર્વ મંજૂરી સિવાય
-: કલમ-36

સંકલિત

## વિશ્વ કેન્સર દિવસ : જાગૃતિ, નિવારણ અને સારવારનો સંકલ્પ

દર વર્ષે 4 ફેબ્રુઆરીના દિવસે સમગ્ર વિશ્વમાં કેન્સર દિવસ મનાવવામાં આવે છે. કેન્સર એક એવી ગંભીર બીમારી છે જેનું નામ સાંભળતા જ લોકો ભયભીત થઈ જાય છે, પરંતુ તબીબી વિજ્ઞાનના મતે જો સમયસર નિદાન અને યોગ્ય સારવાર મળે તો આ બીમારી પર વિજય મેળવી શકાય છે. યુનિયન ફોર ઇન્ટરનેશનલ કેન્સર કન્ટ્રોલ દ્વારા આ દિવસની ઉજવણી પાછળનો મુખ્ય હેતુ કેન્સર અંગેના સામાજિક ડરને દૂર કરી લોકોને તપાસ માટે જાગૃત કરવાનો છે.

કેન્સરના પ્રકારો અને તેના ફેલાવાના કારણો : કેન્સર થવા પાછળ ઘણા પરિબળો જવાબદાર હોય છે. ભારતમાં ખાસ કરીને પુરુષોમાં મોઢાનું કેન્સર અને ફેફસાનું કેન્સર વધુ જોવા મળે છે, જેનું મુખ્ય કારણ બીડી, સિગારેટ, માવો અને તમાકુનું સેવન છે. જ્યારે સ્ત્રીઓમાં સ્તન કેન્સર અને ગર્ભાશયના કેન્સરના કિસ્સાઓ વધુ જોવા મળે છે. આ ઉપરાંત ખોરાકમાં રહેલા રાસાયણિક તત્વો, વાતાવરણમાં વધતું પ્રદૂષણ અને બેઠાડું જીવનશૈલી પણ આ બીમારીને આમંત્રણ આપે છે. જંક ફૂડનું વધુ પડતું સેવન અને પ્રોસેસ્ડ ખોરાક આપણા શરીરના કોષોમાં અસાધારણ ફેરફાર લાવી શકે છે.

ચિહ્નો અને લક્ષણોની ઓળખ : શરીરમાં થતા નાના ફેરફારોને નજરઅંદાજ ન કરવા જોઈએ. કેન્સરના શરૂઆતના લક્ષણોમાં શરીરમાં કોઈ પણ જગ્યાએ દુખાવા વગરની ગાંઠ થવી, ખોરાક ગળવામાં તકલીફ પડવી, અવાજ બેસી જવો, અચાનક વજનમાં મોટો ઘટાડો થવો, લાંબા સમય સુધી મટતું ન હોય તેવું ચાંદું કે સતત રહેતો તાવ વગેરેનો સમાવેશ થાય છે. આ લક્ષણો દેખાય એટલે તુરંત તબીબી સલાહ લેવી હિતાવહ છે. પ્રથમ તબક્કાની તપાસ કેન્સરને હરાવવાની દિશામાં સૌથી મોટું કદમ છે.

સરકારી સહાય અને મફત સારવારની સુવિધાઓ : કેન્સરની સારવાર મોંઘી હોવાથી સામાન્ય વર્ગના લોકો મુંઝવણમાં હોય છે, પરંતુ સરકાર દ્વારા આ માટે અત્યંત મહત્વની યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. આયુષ્માન ભારત યોજના (PM-JAY) હેઠળ જરૂરિયાતમંદ પરિવારોને હોસ્પિટલમાં દાખલ થવાથી લઈને ઓપરેશન અને કિમોથેરાપી સુધીની સારવારમાં મોટી રાહત આપવામાં આવે છે. ગુજરાતમાં મુખ્યમંત્રી અમૃતમ (MA) યોજના દ્વારા નાગરિકોને અત્યાધુનિક કેન્સર હોસ્પિટલોમાં મફત સારવાર પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત રેલ્વેમાં કેન્સરના દર્દીઓને મુસાફરીમાં પણ વિશેષ છૂટછાટ આપવામાં આવે છે.

બચાવના ઉપાયો અને જીવનશૈલીમાં ફેરફાર : કેન્સરથી બચવાનો શ્રેષ્ઠ રસ્તો સાવચેતી છે. તમાકુ અને દારૂ જેવા વ્યસનોથી દૂર રહેવું એ જ કેન્સર મુક્ત જીવનની ચાવી છે. આહારમાં લીલા શાકભાજી, ફળો અને રેષાયુક્ત ખોરાકનો સમાવેશ કરવો જોઈએ. દરરોજ વ્યાયામ કે યોગ કરવાથી શરીરની રોગપ્રતિકારક શક્તિ વધે છે. ખાસ કરીને ખેતીમાં ઓર્ગેનિક પદ્ધતિ અપનાવીને કેમિકલયુક્ત ખોરાકથી બચવું જોઈએ.

આ લેખ દ્વારા સમાજમાં એવો સંદેશ પહોંચાડવો જરૂરી છે કે કેન્સર એ મોતની સજા નથી. હિંમત, યોગ્ય ડોક્ટરનું માર્ગદર્શન અને પરિવારનો સહકાર દર્દીને આ ગંભીર બીમારીમાંથી બહાર લાવી શકે છે. ચાલો, આપણે સૌ સાથે મળીને વ્યસનમુક્ત અને સ્વસ્થ સમાજના નિર્માણમાં આપણું યોગદાન આપીએ.

સંકલિત

## આદર્શ પેપર, પાકી બૂક અને લખાણ માટે જરૂરી સૂચન

વિભાગ–પેટાવિભાગ–પેટાક્રમ જરૂર દર્શાવવા.

1. દરેક નવા મુખ્ય વિભાગ હંમેશા નવા પેઈઝથી જ લખવા.

2. વિભાગના પેટા વિભાગ સળંગ જ લખવા. દરેકને પેટા વિભાગ નવાં પાના પરથી આપવા જરૂરી નથી.

3. ભાષાનાં પેપર હંમેશા તોરણની માફક જ ભરવા પરંતુ અંગ્રેજીભાષાને સ્ટેન્ડ પર જ મૂકવી.
હિન્દી, ગુજરાતી.સંસ્કૃત (આંકેલ રેખામાં મસ્તક જોડીને અને આંકેલ રેખા પર અંગ્રેજીને ખોડીને લખવી.)

4. પેન્સિલથી વિભાગ, પેટા વિભાગ, પેટાક્રમને ચોરસ/ રાઉન્ડ/ લંબગોળ કરી દર્શાવવા.

5. ભાષાના પેપરની શરૂઆત કરતી વખતે હંમેશા પ્રથમ ફકરાથી એટલેકે પેરેગ્રાફથી શરૂઆત કરવી. (તમે વિદ્યાર્થી મિત્રો મોટેભાગે બીજા-ત્રીજાને પેરેગ્રાફ આપો છો પ્રથમ શા માટે નહી?)

6. જવાબોમાં બે ફકરા વચ્ચે એક લીટી અવશ્ય છોડી દો. (ધારોકે ગુજરાતી પેપરમાં વિભાગ– B ના પેટાવિભાગ – Aમાં બે મુદ્દાસર પ્રશ્નો આવે છે તો ૧ અને ૨પ્રશ્ન વચ્ચે એક લીટી અવશ્ય છોડી દો.)
વિભાગ વચ્ચે ત્રણેક લીટીની જગ્યા છોડી દો અને ત્રણ છોડેલ લીટીમાં વચ્ચેની લીટી પર પેન્સીલ આકી દો.

7. બે પ્રશ્નોની વચ્ચે સમય મુજબ પેન્સિલ આંકવાનું ચૂકસો અહીં, જે તમારાં પેપરને આકર્ષક બનાવશે.

8. પેટા વિભાગ પૂર્ણ થતા. અંતે END/ અસ્તુ/ અન્ય ચિહ્નથી દર્શાવાય. (જેથી પેપર જોનારને PAGE ફેરવવું ન પડે.)

9. પાછળના PAGE પર હાંસિયો આપવો પરંતુ પેન્સિલથી દર્શાવવો જરૂરી નથી.

10. ધાર્મિક ચિહ્નો કે સ્કૂલના સંકેતો ન જ દર્શાવવાં જોઈએ.

11. ગુજરાત બોર્ડ પૂર્ણ પેપર આપે છે તો દરેક QUESTION અનુક્રમમાં જ લખો.

12. જે જવાબ નથી આવડતો એનો ક્રમ આપી જગ્યા છોડી દો. આવડે તો લખજો.

13. ડાબી બાજુંનાં અને ઉપરના હાંસિયામા કશું ન લખો, જે પરીક્ષકને ગુણ દર્શાવવાં માટે હોય છે.

14. દરેકને પેપર મૂજબ ક્રમ દર્શાવવા અને જવાબમા યોગ્ય લાગે તો નાનો '→ , જ. ANS.' દર્શાવવા- લખવાં જોઈએ.

15. પ્રશ્નના જવાબની શરૂઆતમાં '→' આપવો, પછીના ફકરાઓમા ન આપશો. (ઘણાં વિદ્યાર્થીઓ મુદ્દાઓમાં આ પ્રમાણે કરે છે.)

16. સાઈડના ઊભા હાંસિયામા પ્રશ્નના ક્રમ દર્શાવવા હોય તો રેખાની નજીક જ દર્શાવવા અન્યથા એ ક્રમ અંદર રેખાની નજીક દર્શાવી શકો.

17. સુશોભનમાં જ સમય વ્યતિત ન થાય તેની કાળજી રાખવી. સુશોભન જરૂરી નથી.

18. એક શબ્દના જવાબોમાં શબ્દ નીચે ખાસ અંડરલાઈ ન કરવી જોઈએ.

આદર્શ પેપર, પાકી બૂક અને લખાણ માટે જરૂરી સૂચન

૨. વિદ્યાર્થીઓ પાકીબૂક કેવી રીતે બનાવશો?

1. નામ, ધોરણ, સ્કૂલ, વર્ગ, પ્રથમ પાના પર વિગતે દર્શાવવા.
2. અનુક્રમણિણકમાં ક્રમ, કૃતિનામ, તારીખ ગ્રેડ, સહિ માટે કૌષ્ટક બનાવવું જોઈએ.
3. અગત્યની વ્યાખ્યા, એક્ઝામ ટાઇમ-ટેબલ, નોંધ, સૂત્રો લખવા માટે બે પેઇજ છોડી દેવા જોઈએ.
4. નવા પાઠની શરૂઆતમા વિશેષ પરિચય હોય તો પ્રથમ લખવો.
5. શબ્દાર્થ સ્પેલીંગની માફક લખવા ફકરાની માફક નહીં.
6. બંને બાજું ખોટી જગ્યા છોડવી નહીં.
7. બિનજરૂરી ડીઝાઇન કે ચિત્રો વધારે કરવા નહીં.
8. જરૂર હોય તો પ્રચલિત સિમ્બોલનો ઉપયોગ કરવો, ધાર્મિક સિમ્બોલનો ઉપયોગ કરવો નહીં.
9. ચેક-ચાક કરવા નહીં, અક્ષરો ખોટા ઘૂંટવા નહીં.
10. વિચાર ન ગમતો હોય કે ખોટો હોય તો પેન્સિલ અને સ્કેલથી લીટી કરવી.
11. હંમેશા અક્ષર માપમા કરવા, નાનામોટા ન કરવા.
12. પેન્સિલવર્ક યોગ્ય સ્થાને, બે પ્રશ્નો વચ્ચે અને પૂર્ણ થાય ત્યાં કરવું. ફરજિયાત નથી.
13. પાઠનું ટાઈટલ અને મુખ્ય પ્રશ્ન-વિભાગ હંમેશા સેન્ટરમાં લખવાં.
14. ફકરો/પરિચ્છેદ પાડીને લખવું એટલે કે ચાર અક્ષર જેટલી જગ્યા પ્રથમથી જ છોડવી.
15. હાંસિયાની સામેની બાજું જગ્યા ન રહે એ માપ પર મોટા પ્રશ્નોમાં: કૃતિનામ, કૃતિકર્તા, કૃતિપ્રકર લખવા.
16. બે પ્રશ્નો વચ્ચે એક-બે લીટી મૂકવી.
17. હંમેશા સાચી જોડણી લખવા પ્રયત્ન કરવો.
18. નવું સ્વાધ્યાય પાછળના પાનાં પરથી નહીં આગડના-સામેના પાનાં પરથી જ લખવું.
19. ભાષાના ચિહ્નો એના સ્થાને, શબ્દની નજીક અને ભાવ મુજબ જ મુકવા.

અનુગ: એ, ને થી, નો, ની નું નાં, માં, હંમેશા આગળના શબ્દ સાથે જોડી ને જ લખવાં. (ઉદા. પાણીથી, ભરને વગેરે.)

20. નિપાત આગળનાં શબ્દથી અલગ લખવાં: તો, જ, માત્ર, ને(અને), પણ, ફક્ત, ખરું, વગેરે.

## આદર્શ પેપર, પાકી બૂક અને લખાણ માટે જરૂરી સૂચન

### ૩. કાગળ ઉપર લખાતી વખતે...

**1. હાંસિયો:**
કાગળ ઉપર ડાબી બાજુ ત્રણ અક્ષર જેટલી જગ્યા મેલી/છોડીને લખાણ લખવું. જેથી કાગળને ફાયલિંગ કે નાની નોંધ કરવામાં સરળતા રહે.

**2. પરિચ્છેદ/ ફકરો:**
લખાણના દરેક પરિચ્છેદની પ્રથમ પંક્તિ હાસ્યાથી ત્રણ-ચાર અક્ષરની જગ્યા છોડીને લખવું.

**3. પરિચ્છેદમાં પેટા લખાણ:**
કોઈ પણ પરિચ્છેદમાં સ્વતંત્ર લીટીમાં મુકતા ગદ્ય-પદ્યનાં અવતરણ સંવાદ વગેરે હાસ્યાથી ૧CM જગ્યા છોડીને લખવું.

**4. શીર્ષક/ પેટાશીર્ષક:**
લખાણનું શીર્ષક લખાણના અક્ષરોથી થોડું મોટાં અક્ષરોમાં અને ઉપલબ્ધ જગ્યાની બરાબર વચ્ચે લખવું, લખાણમાં મુદ્દાઓ જુદા પાડવા માટે આપેલા પેટા શીર્ષકોના અક્ષરો મુખ્ય શીર્ષકના અક્ષરો કરતાં નાના રાખવા અને લખાણના અક્ષરોથી મોટા રાખવા. તેને ક્રમ આવતા હોય તો યોગ્ય ક્રમ નંબર આપવા.

**5. શબ્દગુચ્છ:**
જયારે આપણે પઠન કરતાં હોઈએ છીએ ત્યારે શબ્દોને સળંગ બોલતા હોઈએ છીએ પરંતુ લખતી વખતે દરેક દરેક શબ્દોને શબ્દોની વચ્ચે જગ્યા રાખીયે છીએ. ઘણી વખત લખાણમાં આપણે બે શબ્દો જુદાં લખીએ છીએ તો ઘણી વખત ભેગા લખીએ છીએ. આ બાબત સુધારવી. ૧. અમે ઘર જમાઈ રહેવાના નથી. ૨. એનું ઘર જમાયોથી ભરેલું રહે છે.

**6. શબ્દ-ઘટકો લખવાની રીત:**
૧, વાક્યમાં આવતા ભારદર્શક 'જ' શબ્દ હંમેશા છૂટો લખવો. ૨. હું ગુરુકુળમાં જ ભણીશ. ૩. હું તમને જ વંદન કરું છું.
૨. વાક્યમાં આવતો 'ય' જયારે 'પણ'ના અર્થમાં વપરાય ત્યારે તેને શબ્દ શાથે જોડીને લખવો.
૧. કાકા આવેલ તમેય આવજો. ૨. બાળકો તો દફતરેય લાવશે.


**7. અનુગો:**
વિભક્તિના અનુગ પ્રત્યય (એ, ને, થી, નો. ની, નું, નાં, ના,માં, મા) શબ્દોની સાથે જોડીને હંમેશા લખવા.

**8. નામયોગી શબ્દ:**
નામયોગી છૂટા લખાય છે. (છતાં, પણ, અને કે, અથવા, માટે. કાજે, વાસ્તે, વડે, થકી, દ્વારા,/ જો... તો.... જયારે...ત્યારે...

**9. દ્વિરુક્ત શબ્દ:**
દ્વિરુક્તવાળા શબ્દો ભેગા લખવા. ઉદા તમતમારે, સાથોસાથ, દૂરદૂર, જૂદોજૂદો, પાસપાસે, વારેવારે વારંવાર.

**10. સામાસિક શબ્દ:**
સામાસિક પદ ભેગા લખવાં. ઉદા. આજકાલ, નાનામોટાં, સુખદુ:ખ, સીતારામ, ધનશ્યામ.

**11. સહાયકારક ક્રિયાપદ:**
સહાયકારક ક્રિયાપદ છૂટા લખવા. ઉદા. ૧. બળદને રસ્તા પર બાંધી દીધો. ૨. તોપણ- જોકે ભેગા લખવા. (હું નહી આવું તોપણ તે આવશે. જોકે તેઓ સારા ગુણે પાસ થઈ ગયાં.)



ડૉ. કિશોર વાળા (જૂનાગઢ)

# ભારત કોકિલા સરોજિની નાયડુ અને રાષ્ટ્રીય મહિલા દિવસ

ભારતમાં દર વર્ષે ૧૩ ફેબ્રુઆરીના દિવસને 'રાષ્ટ્રીય મહિલા દિવસ' તરીકે ખૂબ જ આદરપૂર્વક ઉજવવામાં આવે છે. આ દિવસ ભારતની સ્વતંત્રતા ચળવળના અગ્રણી મહિલા નેતા, મહાન કવયિત્રી અને પ્રખર વક્તા સરોજિની નાયડુના જન્મજયંતીનો અવસર છે. સ્ત્રીઓમાં રહેલી શક્તિને ઓળખવા અને દેશના નવનિર્માણમાં તેમના યોગદાનને બિરદાવવા માટે આ દિવસ એક સીમાચિહ્ન સમાન છે.

સરોજિની નાયડુનું પ્રારંભિક જીવન અને શિક્ષણ : સરોજિની નાયડુનો જન્મ ૧૩ ફેબ્રુઆરી, ૧૮૭૯ના રોજ હૈદરાબાદના એક વિદ્વાન પરિવારમાં થયો હતો. તેમના પિતા અઘોરનાથ ચટ્ટોપાધ્યાય વૈજ્ઞાનિક અને શિક્ષણશાસ્ત્રી હતા, જ્યારે માતા વરદ સુંદરી દેવી બંગાળી કવયિત્રી હતા. વારસામાં મળેલા સાહિત્યિક સંસ્કારોને કારણે સરોજિનીએ માત્ર ૧૨ વર્ષની ઉંમરે હૈદરાબાદના નિઝામની શિષ્યવૃત્તિ મેળવી ઉચ્ચ અભ્યાસ માટે ઇંગ્લેન્ડની કિંગ્સ કોલેજમાં પ્રવેશ મેળવ્યો હતો. ત્યાં તેમણે અંગ્રેજી સાહિત્યમાં પોતાની કલમનો જાદુ પાથર્યો હતો.

'ભારત કોકિલા' (The Nightingale of India) : તેમની કવિતાઓમાં ભારતીય સંસ્કૃતિ, લોકજીવન અને કુદરતનું મધુર વર્ણન જોવા મળે છે. 'ગોલ્ડન થ્રેશોલ્ડ' (The Golden Threshold) અને 'બર્ડ ઓફ ટાઈમ' (The Bird of Time) જેવા કાવ્ય સંગ્રહોએ તેમને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવી. તેમની ભાષા અને લયની મધુરતાથી પ્રભાવિત થઈને મહાત્મા ગાંધીએ તેમને 'ભારત કોકિલા'નું બિરુદ આપ્યું હતું. તેમના શબ્દોમાં જેટલી મધુરતા હતી, તેટલી જ ધારદાર તેમની વક્તૃત્વ શક્તિ પણ હતી.

આઝાદીની લડતમાં અગ્રેસર ભૂમિકા : ગોપાલકૃષ્ણ ગોખલે અને મહાત્મા ગાંધીના સંપર્ક બાદ તેઓ સક્રિય રાજકારણમાં જોડાયા. ૧૯૨૫માં કાનપુર અધિવેશનમાં તેઓ 'ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ'ના પ્રથમ ભારતીય મહિલા અધ્યક્ષ બન્યા. ૧૯૩૦ના દાંડી કૂચમાં જ્યારે ગાંધીજીની ધરપકડ થઈ, ત્યારે તેમણે ધરાસણા સત્યાગ્રહનું નેતૃત્વ સંભાળીને અંગ્રેજ હકુમતને હલાવી દીધી હતી. સ્ત્રીઓ માત્ર ઘરના કામકાજ પૂરતી સીમિત ન રહેતા રાષ્ટ્રના પાયામાં ઈંટ બને તે માટે તેમણે સતત પ્રવાસ કરીને જનજાગૃતિ ફેલાવી હતી.

પ્રથમ મહિલા રાજ્યપાલની ઉપલબ્ધિ : આઝાદી મળ્યા બાદ, સરોજિની નાયડુએ ઉત્તર પ્રદેશના રાજ્યપાલ તરીકેની જવાબદારી સ્વીકારી. આ પદ શોભાવનારા તેઓ ભારતના પ્રથમ મહિલા હતા. તેમણે સાબિત કરી બતાવ્યું કે વહીવટી કુશળતામાં સ્ત્રીઓ પુરુષો સમકક્ષ જ છે. ૨ માર્ચ, ૧૯૪૯ના રોજ તેમનું નિધન થયું, પરંતુ તેઓ ભારતીય નારી માટે હિંમત અને ગૌરવનો વારસો છોડી ગયા.

આજના યુગમાં જ્યારે આપણે 'બેટી બચાવો, બેટી પઢાવો'ની વાત કરીએ છીએ, ત્યારે સરોજિની નાયડુના વિચારો વધુ પ્રસ્તુત બને છે. રાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી પાછળનો હેતુ માત્ર એક વ્યક્તિને યાદ કરવાનો નથી, પરંતુ સમાજમાં મહિલાઓના સન્માન, સુરક્ષા અને શિક્ષણની દિશામાં મક્કમ ડગલાં ભરવાનો છે. ગ્રામીણ વિસ્તારથી લઈને અવકાશ વિજ્ઞાન સુધી આજે ભારતની દીકરીઓ જે નામના મેળવી રહી છે, તે સરોજિની નાયડુ જેવા ક્રાંતિકારી મહિલાઓના બલિદાન અને સ્વપ્નનું પરિણામ છે.

સરોજિની નાયડુ એક એવી વ્યક્તિ હતી જેમના એક હાથમાં કલમ હતી અને બીજા હાથમાં આઝાદીની મશાલ. તેમનું જીવન આપણને શીખવે છે કે વિધ્વંસ સામે સર્જનની શક્તિ મોટી છે. રાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે આપણે સંકલ્પ કરીએ કે નારી શક્તિનો આદર કરીશું અને તેમને આકાશ આંબવાની પૂરતી તક આપીશું.

સંકલિત

## મહાશિવરાત્રિ...

જપી લો, જપી લો, જપી લો,
ભોળા શંકરને જપી લો.
રટી લો, રટી લો, રટી લો,
શિવ-પાર્વતીને રટી લો.
ભજી લો, ભજી લો, ભજી લો,
આદિ યોગીને ભજી લો.
સાંભળી લો,સાંભળી લો,સાંભળી લો,
શિવ કથાને સાંભળી લો.
શીખી લો, શીખી લો, શીખી લો,
શિવ પંચાક્ષર શીખી લો.
બોલી લો, બોલી લો, બોલી લો,
ૐ નમઃ શિવાય બોલી લો.
પૂજી લો, પૂજી લો, પૂજી લો,
સર્પ-નંદિ-કાચબાને પૂજી લો.
કરી લો, કરી લો, કરી લો,
શિવલિંગ પર જળાભિષેક કરી લો.
ચડાવી લો, ચડાવી લો, ચડાવી લો,
શિવલિંગ પર બિલિપત્ર ચડાવી લો.
પ્રાર્થી લો, પ્રાર્થી લો, પ્રાર્થી લો,
દેવાધિદેવને પ્રાર્થી લો.
ગાઈ લો, ગાઈ લો, ગાઈ લો,
શિવની સ્તુતિ ગાઈ લો.
વગાડી લો, વગાડી લો, વગાડી લો,
ડાક - ડમરું વગાડી લો.
પી લો, પી લો, પી લો,
પ્રસાદરુપી ભાંગ પી લો.
કરી લો, કરી લો, કરી લો,
12 જયોતિર્લિંગના દર્શન કરી લો.
નમી લો, નમી લો, નમી લો,
શિવાને પૂરી પ્રીતે નમી લો.
સ્મરી લો, સ્મરી લો, સ્મરી લો,
શિવ શંકરાને સ્મરી લો.
મેળવી લો, મેળવી લો, મેળવી લો,
સુખ-સંપત્તિ મેળવી લો.
શોધી લો, શોધી લો, શોધી લો,
સંસારમાંથી શાંતિ શોધી લો.
તરી લો, તરી લો, તરી લો,
જીવનરૂપી ભવસાગર તરી લો.
ભક્તિ કરી લો, ભક્તિ કરી લો, ભક્તિ
કરી લો,
શિવરાત્રિ એ શિવની ભક્તિ કરી
લો.
ગજવી દો, ગજવી દો, ગજવી દો,
શિવાલય હર હર મહાદેવ નાદથી
ગજવી દો.
માંગી લો, માંગી લો, માંગી લો,
મનગમતું અભય વરદાન માંગી લો.
કહે 'નિશુ' મહાશિવરાત્રિએ આટલું કરી
લેશો,
તો દેવોના દેવ મહાદેવ કરી દેશે
કલ્યાણ..

નિશા ભરતભાઈ ઠાકર (નિશુ)
શ્રી ચુનડી પ્રાથમિક શાળા
ભુજ -કચ્છ - ગુજરાત.



## પાણીની કિંમત

નંદીપુર નામનું એક ખૂબ મોટું ગામ હતું. આ ગામના લોકો પાસે ધન, સુંદર ઘરો અને ખાવા માટે પુષ્કળ અનાજ હતું, પણ એક મોટી સમસ્યા હતી: પાણીની ભયંકર અછત. ગામના લોકો ખૂબ ઘમંડી હતા અને માનતા કે ધનથી બધું ખરીદી શકાય, પણ પાણીની સમસ્યા આગળ તેમનો ઘમંડ નકામો સાબિત થતો હતો. ધીમે ધીમે પાણી વિના લોકો બીમાર પડવા લાગ્યા અને ગામની રોનક ઘટવા લાગી.

ગામમાં ઘણા દિવસોથી એક જ વાત હતી : પાણી ક્યાંથી લાવવું ? ગામના વૃદ્ધો અને યુવાનો પણ કંટાળી ગયા હતા. ગામમાં વિશાલ નામનો એક યુવાન હતો, જે ભલે ગરીબ હતો, પણ ખૂબ આશાવાદી હતો. ગામના મોટા કૂવાને બધાએ મૃત માની લીધો હતો, પણ વિશાલને વિશ્વાસ હતો કે પાણી ક્યાંક તો હશે જ.

એક દિવસ, ગામના ગણ્યાગાંઠ્યા લોકોની હાજરીમાં, વિશાલ હિંમત કરીને સૂકા કૂવાની અંદર દોરડા વડે ઊતર્યો. નીચે ઊંડે સુધી જોતાં તેને માત્ર થોડા ટીપાં જેટલું જ પાણી દેખાયું.

નિરાશ થઈને, વિશાલે કૂવાની અંદરથી જોરથી કહ્યું, "અરે ! જો આ કૂવામાં થોડું વધારે પાણી હોત, તો આ આખા ગામના લોકો પી શકત અને તેમનો જીવ બચી જાત. હે ભગવાન, બસ થોડુંક વધારે !" આટલું બોલતાની સાથે જ એક ચમત્કાર થયો ! કૂવાના તળિયેથી પાણીનો પ્રવાહ શરૂ થયો અને જોતજોતામાં કૂવો છલકાઈને બહાર વહેવા લાગ્યો ! વિશાલે દોડીને બહાર આવીને બધા ગ્રામજનોને બોલાવ્યા. આખા ગામમાં ખુશીની લહેર દોડી ગઈ. લોકો જ્યાં હતા ત્યાંથી દોડતા આવ્યા—કોઈ કામ છોડીને તો કોઈ ઊંઘમાંથી ઊઠીને પાણી જોતાં જ લોકોનો સંયમ તૂટી ગયો. ઘણા દિવસોથી પાણી વગર રહેતા લોકોના કપડાં મેલા અને ગંદા હતા. સ્વચ્છ પાણી જોતાં જ બધા કૂવા પર પડાપડી કરવા લાગ્યા. વિશાલને આ ઘમંડ અને લડાઈ જોઈને દુઃખ થયું.

વિશાલે તરત જ વચ્ચે પડીને એક મોટી લાઇન કરાવી અને દરેકને વારાફરતી પાણી પીવા અને ભરવા માટે બોલાવ્યા. સાંજ પડી ત્યાં સુધી પણ લાઇન પૂરી ન થઈ. લોકો માટલાં, વાસણો અને ડોલો લઈને આવ્યા હતા.

કૂવામાં પુષ્કળ પાણી જોઈને, લોકોનો જૂનો ઘમંડ પાછો ફર્યો. તેમણે વિચાર્યું કે, "આટલું પાણી છે ! હવે આ કૂવો ક્યારેય સૂકાશે નહીં !" આ વિચાર સાથે જ લોકોએ પાણીનો બગાડ શરૂ કરી દીધો. લોકો પાણીથી રમવા લાગ્યા, રસ્તા પર પાણી ઢોળવા લાગ્યા અને પોતાના કપડાં ધોવા લાગ્યા—જરૂર કરતાં અનેકગણું વધારે.

એક કે બે વર્ષ સુખ-શાંતિથી વીતી ગયા, પણ ગામના લોકોએ પાણીનો બગાડ કરવાનું છોડ્યું નહીં. કોઈએ વિચાર્યું નહીં કે આ ચમત્કાર કેટલો લાંબો ચાલશે. પરંતુ કુદરતનો નિયમ અફર હોય છે. ધીમે ધીમે, કૂવામાં પાણી ઓછું થતું ગયું. બે વર્ષ પછી, પરિસ્થિતિ પાછી પ્રથમ જેવી થઈ: પાણીની અછત અને લોકો બીમાર થવા લાગ્યા.

ત્યારે ગામના લોકોને પોતાની ભૂલ સમજાઈ. તેઓ પસ્તાવો કરતા બોલવા લાગ્યા: "જ્યારે પાણી હતું, ત્યારે આપણે તેનો બગાડ કર્યો. જો આપણે એ સમયે પણ મર્યાદિત અને સંયમથી પાણી વાપર્યું હોત, તો આજે આપણને આ પરિસ્થિતિ ન આવી હોત. હવે જ્યારે પાણી નથી, ત્યારે આપણે ટીપે ટીપે વાપરીએ છીએ. આના કરતાં પહેલાંથી જ સમજણ વાપરી હોત તો કાયમી સુખ મળ્યું હોત." આમ, નંદીપુરના લોકોને મોડે મોડેથી એ કડવો બોધપાઠ મળ્યો કે ધનથી વધુ મહત્ત્વપૂર્ણ જીવનદાતા પાણીનું સંરક્ષણ છે.

આમ, જળ એ જ જીવન છે. સંસાધનો પુષ્કળ હોય ત્યારે તેનો બગાડ કરવો તે મૂર્ખતા છે. પાણીનો બચાવ કરવો એ માત્ર જરૂરિયાત નથી, પણ આપણી ફરજ છે.

જાસ્મી મોતીભાઈ ચૌધરી
શ્રી રૂણી પ્રાથમિક શાળા,
તા. : ધાનેરા, જિ. : બનાસકાંઠા



## આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ : આપણી ભાષા, આપણી ઓળખ

દર વર્ષે 21 ફેબ્રુઆરીના રોજ સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસની ઉજવણી પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય દુનિયાભરમાં ભાષાકીય અને સાંસ્કૃતિક વિવિધતાને પ્રોત્સાહન આપવાનો અને માતૃભાષા પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો છે. યુનેસ્કો દ્વારા વર્ષ 1999 માં આ દિવસની જાહેરાત કરવામાં આવી હતી અને વર્ષ 2000 થી તેની વિધિવત ઉજવણી શરૂ થઈ હતી.

ઐતિહાસિક પૃષ્ઠભૂમિ અને મહત્ત્વ : આ દિવસની ઉજવણી પાછળ એક સંઘર્ષમય ઇતિહાસ જોડાયેલો છે. વર્ષ 1952 માં ઢાકા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને સામાજિક કાર્યકરોએ તત્કાલીન પાકિસ્તાન સરકારની ભાષા નીતિનો વિરોધ કર્યો હતો. તેઓ પોતાની માતૃભાષા બાંગ્લાને સત્તાવાર દરજ્જો આપવા માટે આંદોલન કરી રહ્યા હતા. 21 ફેબ્રુઆરી 1952 ના રોજ આ આંદોલન દરમિયાન કેટલાક યુવાનોએ શહીદી વહોરી હતી. આ શહીદોની યાદમાં અને ભાષાના અધિકારોના રક્ષણ માટે બાંગ્લાદેશે આ દિવસની ઉજવણીનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેને વિશ્વએ સ્વીકાર્યો હતો.

માતૃભાષાનું મૂલ્ય અને સંસ્કાર : માતૃભાષા એ માત્ર અભિવ્યક્તિનું સાધન નથી, પરંતુ તે સંસ્કાર અને સંસ્કૃતિનું વાહન પણ છે. બાળક જે ભાષામાં માતાની લોરી સાંભળે છે અને જે ભાષામાં વિચારવાનું શરૂ કરે છે, તે તેની માતૃભાષા છે. મનોવૈજ્ઞાનિક રીતે પણ સાબિત થયું છે કે બાળકનો પાયાનો શિક્ષણ અને માનસિક વિકાસ જો તેની માતૃભાષામાં થાય, તો તે વિષયને વધુ સારી રીતે સમજી શકે છે. માતૃભાષામાં શિક્ષણ લેવાથી બાળકની સર્જનાત્મક શક્તિ અને વિચાર ક્ષમતા ખીલે છે.

ગુજરાતી ભાષાનું ગૌરવ : આપણી માતૃભાષા ગુજરાતીનો ઇતિહાસ અને સાહિત્ય અત્યંત સમૃદ્ધ છે. નરસિંહ મહેતા, મીરાબાઈ, પ્રેમાનંદ જેવા આદિ કવિઓથી લઈને નર્મદ, ગોવર્ધનરામ ત્રિપાઠી, ઝવેરચંદ મેઘાણી અને પન્નાલાલ પટેલ જેવા સાહિત્યકારોએ આ ભાષાને અમર બનાવી છે. ગુજરાતી ભાષામાં કહેવતો, રૂઢિપ્રયોગો અને લોકગીતોનો જે ભંડાર છે, તે વિશ્વની કોઈપણ સમૃદ્ધ ભાષાની હરોળમાં બેસી શકે તેવો છે. મહાત્મા ગાંધીએ પણ માતૃભાષાના મહત્વ પર ભાર મૂકતા કહ્યું હતું કે, માતૃભાષા તો માતાના દૂધ સમાન છે, જે બાળકનું યોગ્ય પોષણ કરે છે.

ભાષાના સંરક્ષણની જરૂરિયાત : આજના ગ્લોબલાઈઝેશનના યુગમાં અંગ્રેજી કે અન્ય ભાષાઓના વધતા પ્રભાવને કારણે અનેક સ્થાનિક ભાષાઓ લુપ્ત થઈ રહી છે. જ્યારે કોઈ ભાષા મરી જાય છે, ત્યારે તેની સાથે તેની પરંપરાઓ અને જ્ઞાન પણ નાશ પામે છે. તેથી આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ આપણને યાદ અપાવે છે કે આપણે આપણી ભાષાને જીવંત રાખવી જોઈએ. આપણે ઘરે બાળકો સાથે માતૃભાષામાં વાત કરવી જોઈએ અને તેના શુદ્ધ પ્રયોગનો આગ્રહ રાખવો જોઈએ.

ભાષા એ સમાજને જોડતી કડી છે. અન્ય ભાષાઓ શીખવી એ સમયની જરૂરિયાત હોઈ શકે છે, પરંતુ પોતાની માતૃભાષા પ્રત્યે લઘુતાગ્રંથિ અનુભવવી એ પોતાની જ જડ કાપવા બરાબર છે. 21 ફેબ્રુઆરીનો આ દિવસ આપણને સંકલ્પ લેવા પ્રેરિત કરે છે કે આપણે આપણી ભાષાનું જતન કરીશું અને આવનારી પેઢીને આ અમૂલ્ય વારસો ગૌરવ સાથે સોંપીશું.

સંકલિત

## માણસાઈ: પ્રાણીઓ પ્રત્યે કરુણા

એક સુંદર ગામ હતું, જેનું નામ માધવપુર. આ ગામના લોકો ખૂબ જ દયાળુ અને પશુપ્રેમી હતા. ગામની બહાર એક વિશાળ અને સુંદર જંગલ હતું, જેમાં અનેક પ્રકારના પક્ષીઓ અને પ્રાણીઓ રહેતા હતા. તેઓ બધા એકબીજા સાથે હળીમળીને રહેતા અને સુખ-શાંતિથી પોતાનું જીવન વિતાવતા. તે જંગલની વચ્ચોવચ એક મોટું અને ઊંડું તળાવ હતું, જે આખા જંગલના પશુ-પક્ષીઓ માટે જીવનનો મુખ્ય આધાર હતું. તેઓ બધા તે તળાવનું પાણી પીતા અને પોતાની તરસ છીપાવતા.

ચોમાસામાં ખૂબ જ વરસાદ પડતો, અને તળાવ પાણીથી છલોછલ ભરાઈ જતું. તેથી પશુ-પક્ષીઓને પાણીની કોઈ ચિંતા નહોતી. પણ શિયાળો વીતી ગયા બાદ ભયંકર ઉનાળો આવ્યો. શરૂઆતમાં તો તળાવમાં થોડું પાણી હતું, પણ ધીમે ધીમે સૂર્યના તાપથી તે સુકાવા લાગ્યું. થોડા દિવસો બાદ તો આખા જંગલમાં પાણીનું એક ટીપું પણ મળતું નહોતું. પ્રાણીઓ અને પક્ષીઓ ખૂબ જ તરસથી વ્યાકુળ થઈ ગયા હતા. તેઓએ બધી જ નદીઓ, તળાવો, અને ઝરણાંઓમાં પાણી શોધ્યું, પણ ક્યાંય પાણી ન મળ્યું.

બધા પ્રાણીઓ અને પક્ષીઓને ખૂબ જ તરસ લાગી હતી, અને તેમનો જીવ ગૂંગળાતો હતો. આખરે, તેમણે ગામમાં પાણી પીવા જવાનો નિર્ણય કર્યો. પણ જંગલના રાજા, સિંહે કહ્યું, "આપણે ગામમાં જઈશું તો લોકો આપણને નુકસાન પહોંચાડશે. માણસો પર વિશ્વાસ ન કરવો." પક્ષીઓએ અને અન્ય પ્રાણીઓએ કહ્યું, "મહારાજ, જો આપણે આમ જ બેસી રહીશું, તો તરસથી મરી જઈશું. આના કરતાં તો જોખમ ઉઠાવવું સારું."

રાજાએ ખૂબ વિચાર્યું અને કહ્યું, "સારું, આપણે ગામમાં જઈશું. પણ આપણે બધા એકસાથે ટોળામાં જઈશું, જેથી લોકો આપણાથી ડરીને આપણને કંઈ ન કરે."

બધા પ્રાણીઓ અને પક્ષીઓ એકસાથે ગામના કૂવા પાસે ગયા અને ધરાઈને પાણી પીધું. જ્યારે તેઓ પાણી પી રહ્યા હતા, ત્યારે ગામના લોકોએ તેમને જોયા. તેઓ આટલા બધા પ્રાણીઓને એકસાથે જોઈને ડરી ગયા, પણ તેમનો દયાળુ સ્વભાવ જાગી ઊઠ્યો. એક વ્યક્તિએ કહ્યું, "ઉનાળો છે. જંગલમાં કદાચ પાણી નહીં હોય, એટલે આ બધા અહીં પાણી પીવા આવ્યા છે."

ગામના વડીલોએ ભેગા થઈને વિચાર્યું. એક વૃદ્ધે કહ્યું, "આ તો મોટી મુશ્કેલી છે. જો આપણે આનો ઉકેલ નહિ શોધીએ, તો આ બધા પ્રાણીઓ દરરોજ ગામમાં આવશે. તેનાથી આપણું પાણી પણ ખૂટી જશે, અને તેમનાથી આપણને પણ જોખમ છે. આનો કંઈક ઉપાય કરવો પડશે."

બધા લોકોએ ભેગા થઈને જંગલમાં જ પાણીનો સંગ્રહ કરવાની યોજના બનાવી. તેઓએ જંગલમાં ઊંડા ખાડાઓ અને તળાવો બનાવ્યા, જેથી વરસાદનું પાણી તેમાં એકઠું થઈ શકે. તેમણે ઘણા કૂવા અને નાના સરોવરો પણ બનાવ્યા.

આખરે, ચોમાસું આવ્યું. લોકોએ બનાવેલા ખાડાઓ અને તળાવોમાં પુષ્કળ પાણી ભરાઈ ગયું. આ પાણી પ્રાણીઓને આખું વર્ષ પૂરતું હતું. હવે તેમને શિયાળા કે ઉનાળામાં પાણીની તકલીફ નહોતી. પ્રાણીઓ અને પક્ષીઓ ગામના લોકોની આ મદદથી ખૂબ જ ખુશ થયા.

આમ, આ વાર્તા પરથી આપણને શીખવા મળે છે કે આપણે હંમેશા એકબીજાને મદદ કરવી જોઈએ. માણસાઈ એ છે કે આપણે ફક્ત માનવજાત માટે જ નહિ, પણ પશુ-પક્ષીઓ અને સમગ્ર પર્યાવરણ માટે પણ કરુણા રાખીએ.

અંજલી દિનેશભાઈ ચૌધરી
શ્રી રૂણી પ્રાથમિક શાળા,
તા. : ધાનેરા, જિ. : બનાસકાંઠા



## રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ : વિજ્ઞાન અને માનવ કલ્યાણનો ઉત્સવ

ભારતમાં દર વર્ષે 28 ફેબ્રુઆરીના દિવસને રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે મનાવવામાં આવે છે. આ દિવસની ઉજવણી પાછળનો મુખ્ય હેતુ ભારતના મહાન વૈજ્ઞાનિક સર સી. વી. રામનની અદભૂત શોધ રામન ઈફેક્ટની યાદને તાજી કરવાનો છે. વિજ્ઞાન પ્રત્યે જનજાગૃતિ લાવવા અને યુવા પેઢીમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવા માટે આ દિવસનું વિશેષ મહત્વ છે.

ઐતિહાસિક પૃષ્ઠભૂમિ : વર્ષ 1928 માં 28 ફેબ્રુઆરીના રોજ સર સી. વી. રામને ભૌતિક વિજ્ઞાનના ક્ષેત્રમાં એક ક્રાંતિકારી શોધ કરી હતી, જેને રામન ઈફેક્ટ તરીકે ઓળખવામાં આવે છે. આ શોધ દ્વારા તેમણે સાબિત કર્યું હતું કે જ્યારે પ્રકાશ કોઈ પારદર્શક પદાર્થમાંથી પસાર થાય છે, ત્યારે તેની તરંગલંબાઈમાં ફેરફાર થાય છે. આ શોધ માટે તેમને વર્ષ 1930 માં નોબેલ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. વિજ્ઞાનના ક્ષેત્રમાં નોબેલ પુરસ્કાર મેળવનારા તેઓ પ્રથમ ભારતીય અને પ્રથમ એશિયન વ્યક્તિ હતા. આ સિદ્ધિની યાદમાં નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી કોમ્યુનિકેશન દ્વારા ભારત સરકારને વિનંતી કરવામાં આવી હતી અને 1987 થી દર વર્ષે આ દિવસની ઉજવણી શરૂ થઈ.

ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય : રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી પાછળનો મુખ્ય હેતુ દૈનિક જીવનમાં વિજ્ઞાનના મહત્વ વિશે લોકોમાં સંદેશ ફેલાવવાનો છે. આ દિવસે માનવ કલ્યાણ માટે વિજ્ઞાનના ક્ષેત્રમાં થયેલા તમામ પ્રયાસો અને સિદ્ધિઓને પ્રદર્શિત કરવામાં આવે છે. નવી ટેકનોલોજીનો અમલ કરવા અને વિજ્ઞાનને પ્રોત્સાહન આપવા માટે આ એક ઉત્તમ પ્લેટફોર્મ પૂરું પાડે છે. ખાસ કરીને વિદ્યાર્થીઓમાં તાર્કિક વિચારધારા અને સંશોધન વૃત્તિ વધે તે માટે આ દિવસે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

શાળાઓમાં વિવિધ કાર્યક્રમો : આ દિવસે શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓમાં અનેક કાર્યક્રમો યોજાય છે. જેમાં વિજ્ઞાન પ્રદર્શન, ક્વિઝ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા અને વિજ્ઞાનના મોડેલ બનાવવાની પ્રવૃત્તિઓ મુખ્ય હોય છે. બાળકો નાના-નાના પ્રયોગો દ્વારા વિજ્ઞાનના અઘરા સિદ્ધાંતોને સરળતાથી સમજે તેવા પ્રયાસો કરવામાં આવે છે. આ સાથે જ પ્રખ્યાત વૈજ્ઞાનિકોના જીવનચરિત્ર અને તેમના સંઘર્ષની વાતો દ્વારા બાળકોને પ્રેરિત કરવામાં આવે છે.

વિજ્ઞાન અને સમાજ : આજના યુગમાં વિજ્ઞાન વિના જીવનની કલ્પના કરવી મુશ્કેલ છે. સવારથી સાંજ સુધી આપણે જે પણ સુવિધાઓનો ઉપયોગ કરીએ છીએ તે વિજ્ઞાનની જ દેન છે. જોકે, વિજ્ઞાનનો ઉપયોગ વિનાશ માટે નહીં પણ વિકાસ માટે થવો જોઈએ એવો સંદેશ આ દિવસ આપે છે. અંધશ્રદ્ધા દૂર કરવા અને જિજ્ઞાસા વધારવા માટે વિજ્ઞાન એક સચોટ માધ્યમ છે.

રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ આપણને યાદ અપાવે છે કે આપણે આપણી આસપાસની ઘટનાઓને માત્ર સ્વીકારી ન લેતા, તેની પાછળનું કારણ સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. સર સી. વી. રામન જેવી મહાન વિભૂતિઓ આપણને શીખવી ગઈ છે કે મર્યાદિત સાધનો હોવા છતાં જો સંકલ્પ શક્તિ મજબૂત હોય તો વિશ્વ કક્ષાની સફળતા મેળવી શકાય છે. ચાલો, આ દિવસે આપણે સંકલ્પ કરીએ કે આપણે વિજ્ઞાનને સમજવાનો પ્રયત્ન કરીશું અને આપણા જીવનને વધુ ઉન્નત બનાવીશું.

**સંકલિત**